# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૩-A તા.૧૨-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : કોમન પ્રવેશ પરીક્ષા (CET) અને જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા -૨૦૨૪ના માર્ગદર્શન માટે તા. ૧૪-૧૨-૨૦૨૩ ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.

સંદર્ભ : રાજય પરીક્ષા બોર્ડ, ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ રાપબો/CET/૨૦૨૩/૧૮૫૦૨-૧૮૬૦૪, તા. ૧૨-૧૨-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કૂલમાં ધોરણ ૬માં પ્રવેશ માટે તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા ગુજરાત રાજ્યના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ ૯ થી ૧૨) માટેની પરીક્ષા તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ યોજાનાર છે.

કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત લેવાનાર પરીક્ષા પદ્ધતિથી તથા આનુષાંગિક બાબતોથી માહિતગાર કરવા માટે તા.૧૪-૧૨-૨૦૨૩ને ગુરૂવારના રોજ બપોરે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાકે વિદ્યા સમીક્ષા કેન્દ્રના ( VSK ) સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટવર્કના માધ્યમથી ટેલિકોન્ફરન્સનુ આયોજન કરવામાં આવેલ છે. જે પ્રસારણ વંદે ગુજરાત ચેનલ-૫(બાયસેગ ડીશ અથવા JIO TV) અને યુ ટયુબ ચેનલ (લાઈવ) GujaratEclass પરથી નિહાળી શકાશે. તો મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકો અને શિક્ષકોએ લાઈવ પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે.

વધુમાં બંને પરીક્ષાના માર્ગદર્શન માટે તજજ્ઞો દ્વારા આ સાથે સામેલ સમયપત્રક મુજબ ધો.૮ ના વિદ્યાર્થી માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના દર શુક્રવાર ૪.૦૦ થી ૫.૦૦ કલાક તથા ધો. ૫ ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષાના માર્ગદર્શન માટે દર શનિવાર ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે પ્રસારણ કરવામાં આવશે. જેથી સંબંધિત ધોરણના વિદ્યાર્થી તેમજ સંબંધિત વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૨-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/CET/૨૦૨૩/૪૮૫૦૨ - ૪૮૬૦૪

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા: ૧૨/૧૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:કોમન પ્રવેશ પરીક્ષા (CET) અને જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪ના માર્ગદર્શન માટે તા.૧૪/૧૨/૨૦૨૩ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ માટે તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા ગુજરાત રાજયના 25000 તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ-૯ થી ૧૨) માટેની પરીક્ષા તા.૩૧/૦૩/૨૦૨૪ના રોજ યોજનાર છે. જેનાથી આપ સુવિદિત હશો.

કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત લેવાનાર પરીક્ષા પદ્ધતિથી તથા આનુષાંગિક બાબતોથી માહિતીગાર કરવા માટે તા.૧૪/૧૨/૨૦૨૩, ગુરૂવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે સુધી વિદ્યા સમીક્ષા કેન્દ્ર, (VSK) ના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટેવર્કના માધ્યમથી એક ટેલિકોન્ફરન્સ કરવાનું આયોજન કરેલ છે. આ ટેલિકોન્ફરન્સમાં માન.સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આથી ઉકત ટેલિકોન્ફરન્સમાં આપની તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રી, (ધોરણ ૫-૮ વર્ગ શિક્ષકશ્રી) ટી.પી.ઇ.ઓ., બી.આર.સી., યુ.આર.સી. તેમજ સી.આર.સી.કો.ઓ. આ ટેલિકોન્ફરન્સ નિહાળે તેવી સુચના આપની કક્ષાએથી કરવા વિનંતી છે. આ પ્રસારણ નીચેના માધ્યમોથી નિહાળી શકાશે.

1. વંદે ગુજરાત ચેનલ નંબર-૫ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass

આ ઉપરાંત બંને પરીક્ષાના માર્ગર્શન માટે તજજ્ઞો દ્વારા આ સાથેના સમયપત્રક મુજબ ધોરણ-૮ના વિદ્યાર્થી માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે દર શુક્રવાર ૪.૦૦ થી ૫.૦૦ કલાક તથા ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષાના માર્ગદર્શન માટે દર શનિવાર ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે પ્રસારણ કરવામાં આવશે. સંબંધિત ધોરણના વિદ્યાર્થી તેમજ સંબંધિત વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વિનંતી છે.

કન્વીનર (VSK)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર.

કોમન પ્રવેશ પરીક્ષા તથા જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા માટે VSK સ્ટુડિયો દ્વારા બાયસેગ મારફત પ્રસારણનું ટાઇમ ટેબલ

| તારીખ/વાર | સમય | વિગત/યોજનાનું નામ |
|---|---|---|
| ૧૪/૧૨/૨૦૨૩, ગુરૂવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | યોજના અને પરીક્ષા પદ્ધતિ |
| ૧૫/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૬/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૨/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૩/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૯/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૩૦/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૫/૦૧/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૬/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૨/૦૧/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૩/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૯/૦૧/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૦/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૨/૦૨/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૩/૦૨/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૯/૦૨/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૦/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૬/૦૨/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૭/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૩/૦૨/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૪/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૧/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૨/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૧/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૨/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૮/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૯/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૫/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૬/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૨/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૩/૦૩/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |